

સંતભગવંત સાહેબજી


અષ્ટદશાબ્દી
પ્રાગટ્યોત્સવ માહાત્મ્યસભા

૧૦ જાન્યુઆરી ૨૦૨૦




આનંદમૂર્તિ, પ્રેમસાગર, ભક્તવત્સલ, અનુપમ ગુરુ સંતભગવંત સાહેબજીના અષ્ટદશાબ્દી પ્રાગટ્ય મહોત્સવની માહાત્મ્યદર્શન સભાના પ્રારંભે દેશ-પરદેશમાં વસતા ગુરુસભાના યુવાનોએ સૂટ-ટાઈ પરિવેશ ધારણ કરી કલાત્મક મયૂરરથમાં બિરાજમાન સંતભગવંત સાહેબજીનાં ભવ્ય સ્વાગત કરી મંચ પર પધરાવ્યા. વર્ષો પૂર્વે મહેળાવ મંદિરમાં મૂર્તિપ્રતિષ્ઠા પ્રસંગે યોગીબાપાની આજ્ઞાથી સાહેબદાદાએ વલ્લભવિદ્યાનગરના યુવકોને સૂટ ધારણ કરાવી સેવામાં જોડીને કરેલી ગુરુભક્તિનું દર્શન કરાવવાનો આ વિનમ્ર પ્રયાસ હતો.

`દિવ્યદર્શન' સભામંડપમાં બિરાજમાન અસંખ્ય મુક્તોને સંતભગવંત સાહેબજીનાં આ દિવ્ય દર્શન પ્રાપ્ત થતાં સૌનાં હૈયે આનંદની હેલી વરસી. આ મહામંગલકારી પ્રસંગે પ.પૂ. હરિપ્રસાદ સ્વામીજી, પ.પૂ. મુકુંદજીવન સ્વામીજી, પ.પૂ. દિનકરભાઈ, પૂ. ભરતભાઈ, પૂ. ભૂપેન્દ્રભાઈ પંડ્યા, સંતો, સંત બહેનો, મહાનુભાવોની દિવ્ય ઉપસ્થિતિ અત્યંત આનંદપ્રદ હતી. ભગવાં વસ્ત્રને બદલે ભગવાં હૃદયની સાધુતા પ્રાપ્ત કરવાના યોગીબાપાના સંકલ્પના સાકારકર્તા સંતભગવંત સાહેબજીની દિવ્ય સંનિધિ અલૌકિક શાતા પમાડી રહી હતી. સંતભગવંત સાહેબજીના પ્રાગટ્યમંગલે તેઓના શ્રીચરણે સર્વસ્વનાં સમર્પણ કરવાના ભાવથી પોતાના આતમપ્રાણને વધાવી લેવા ઉપસ્થિત ભક્તમેદની તત્પર હતી.





હરિધામ, સોખડા સંતગણ વતી ભાવાર્પણ



અનુપમ મિશન પરિવાર વતી હૃદયવંદન



સંતરામ મંદિર, કરમસદ વતી ભાવાર્પણ



હરિધામ, સહિષ્ણુગણ વતી ભાવાર્પણ



દિલ્હી, સંતમંડળ વતી ભાવાર્પણ



ભક્તિ આશ્રમ, સોખડા વતી ભાવાર્પણ



ગુણાતીત જ્યોત વતી ભાવાર્પણ



ગુણાતીત પ્રકાશના સંત ભાઈઓ વતી ભાવાર્પણ



પૂ. ભૂપેન્દ્રભાઈ પંડ્યા દ્વારા શુભેચ્છાર્પણ

ગુણાતીત સમાજની પ્રત્યેક સંસ્થાઓના પ્રતિનિધિ ભક્તોએ શુભેચ્છા સંદેશ, આશીર્વાદપત્રોના માધ્યમ દ્વારા વંદના પાઠવી સંતભગવંત સાહેબજી પ્રત્યેના પ્રેમભાવને વ્યક્ત કર્યો.

સૌ પ્રત્યે કૃતજ્ઞતાભાવ વ્યક્ત કરતાં સંતભગવંત સાહેબજીનાં આચરણ અને દિવ્ય દર્શન મૂક ઉપદેશ પાઠવી રહ્યાં હતાં. દેશ-પરદેશના અનુપમ મિશનનાં અનેક મંડળોના ભક્તોએ પણ સ્વહસ્તે બનાવેલ કલાત્મક હૃદયભાવ આ પ્રસંગે સાહેબદાદાને અર્પણ કરી ભક્તિ અદા કરી.



પવઈના સંત ભાઈઓ વતી ભાવાર્પણ



પ્રાસંગિક ઉદ્‌બોધન : વિનુભાઈ નકારજા



મંદિર નિર્માણ ટીમને સાહેબજીનાં આશીર્દાન



આશીર્વાદ : પૂ. ભૂપેન્દ્રભાઈ પંડ્યા

અનુપમ મિશનના સૌ ભક્તો વતી વિનુભાઈ નકારજાએ પ્રાસંગિક ઉદ્‌બોધન કરી પ્રાર્થનાઓ ધરી. આદરણીય પૂ. ભૂપેન્દ્રભાઈ પંડ્યાએ આશીર્વાદ પાઠવ્યા કે, 'સાહેબજીની વાણીમાં સરળતા છે. સાહેબજી ધૈર્યનું સ્વરૂપ છે. તેઓની આઠ દાયકાની જીવનયાત્રામાં પરિસ્થિતિના ગુલામ બન્યા વગર તેને ગુરુનો પ્રસાદ માની આગળ વધતા ગયા ને સમાજ માટે પ્રેરણારૂપ બન્યા. સાહેબજીનું જો કંઈક મને સ્પર્શ્યું હોય તો એ છે તેમનો નિઃસ્વાર્થ પ્રેમ. તેમના પ્રત્યેક વર્તનમાં મને પ્રેમની અનુભૂતિ થાય છે.'

આ પ્રસંગે સંતભગવંત સાહેબજી અને સદ્‌ગુરુ સંતોનાં વચને નૂતન મંદિરનિર્માણ માટે અહોહોભાવે સમર્પણ ધરનાર દાનેશ્વર અક્ષરમુક્તો શ્રીમાન ગોવિંદભાઈ-શંકરભાઈ પટેલ પરિવાર, ડૉ. જિતુભાઈ-ડૉ. વીરેન્દ્રભાઈ પરિવાર, શ્રીમાન વિજયભાઈ ઠક્કર પરિવાર, શ્રીમાન બિમલભાઈ શેઠ પરિવાર, શ્રીમાન ત્રંબકદાદા પઢિયાર પરિવાર તથા શ્રીમાન નીલેશભાઈ પટેલ પરિવારનાં સન્માન કરવામાં આવ્યાં. સન્માનિત થનાર પ્રત્યેક અક્ષરમુક્તોનાં જીવન અને સમર્પણ પ્રેરણાદાયી બની રહ્યાં. વળી, નૂતન મંદિરનિર્માણ માટે જવાબદાર કન્સ્ટ્રક્શન ટીમના સભ્યોએ પણ સંતભગવંત સાહેબજીને શુભેચ્છા-ભાવાર્પણ કરી વંદનાઓ ધરી.

પ.પૂ. હરિપ્રસાદ સ્વામીજી અને સંતભગવંત સાહેબજી સહિત મંચસ્થ સંતો, મહાનુભાવોની ઉપસ્થિતિમાં ગુરુસભાના યુવાનોએ પ્રાસંગિક નૃત્યભક્તિ અર્પણ કરી સૌને મંત્રમુગ્ધ કરી દીધાં. આ પ્રસંગે મોટી સંખ્યામાં ઉપસ્થિત સંતો, સંત બહેનો અને અક્ષરમુક્તોએ અલૌકિક સત્સંગલાભ પ્રાપ્ત કર્યો. મહોત્સવના અંતિમ દિવસે પણ ગુરુભક્તિ અદા કરવાનો સૌનો જોશ અતુલ્ય હતો.



મહોત્સવમાં ઉપસ્થિત સંતોનાં દિવ્ય દર્શન



મહોત્સવમાં ઉપસ્થિત સંત બહેનોનાં દિવ્ય દર્શન





દિવ્ય મિલન... અનુપમ આનંદનાં દિવ્ય દર્શન



આશીર્વાદ : પ.પૂ. હરિપ્રસાદ સ્વામીજી

સંતભગવંત સાહેબજીના મહામાંગલ્યપ્રદ પ્રાગટ્ય અવસરે તેઓના મહિમાને વર્ણવતાં પ.પૂ. હરિપ્રસાદ સ્વામીજીએ આશીર્વાદ વરસાવ્યા કે, 'સાહેબ સરળ અને સહજ છે. તેમના જેવો આધ્યાત્મિક વિવેક હોય અને જીવનમાં ભક્તિ હોય તો હઠ, માન, ઈર્ષ્યાના ભાવ ઓગળે અને દાસત્વ પ્રગટે. અહંકારનું વિસર્જન થાય ને સમર્પણભાવ પ્રગટે. આવા પુરુષોના પ્રાગટ્યદિન ઊજવવાથી ભક્તિ પ્રગટે અને દાસત્વ વધે. સાહેબ નિર્વ્યાજ પ્રેમનું સ્વરૂપ છે. યોગીજી મહારાજ એમને જોઈને ખૂબ રાજી થતા અને સહજ બોલી ઊઠતા કે, તમે અમારા છો. સાહેબ સૌના આદર્શ છે. આપણે તેમની સાથેનો અપેક્ષારહિતનો, ખુલ્લા દિલનો, નિષ્ઠાથી ભર્યો સંબંધ બનાવવો છે. તેમના જેવી નિર્દોષબુદ્ધિ દૃઢ કરવાની છે તે જ પ્રાર્થના !'

અંતે સૌની સેવા બિરદાવી, સૌનો આભાર માની, બ્રહ્મભાવે જીવી પરબ્રહ્મના દાસ બની આનંદદાયક જીવન જીવવાનો મજકૂર સમજાવી સંતભગવંત સાહેબજીએ રૂડા આશીર્વાદ પ્રદાન કર્યા, જે સંકલિત કરી આ અંકના 'સંતભગવંત સાહેબજીની છે માહાત્મ્યસભર વાણી સદા' વિભાગમાં પ્રકાશિત કર્યા છે.

સમગ્ર મહોત્સવ દરમિયાન પ્રાપ્ત થયેલી સહજાનંદની પળોની સ્મૃતિ, અધ્યાત્મનો ખજાનો અને ભક્તિનું ભાથું લઈ સૌ વિસર્જિત થયાં. વિશેષ તો સૌનાં હૈયે આ મહોત્સવની ફલશ્રુતિ દૃઢપણે અંકિત થઈ કે, 'સાહેબદાદાની પ્રસન્નતા, સંપ-સુહૃદભાવ ને એકતા !' ◆



જાગો યુવાનો જાગો... ઉપાસનાના પડઘમ ગાજે જાગો...